ખુબ જ અગત્યનું

ક્રમાંક:જી.૭૨૫/સીપી/ ૫૩૩ /૧૮

પોલીસ કમિશ્નર કચેરી,

શાહીબાગ,અમદાવાદ શહેર.તા.૨૧.૦૧.૨૦૧૮

વિષય:"પદ્માવત"ફિલ્મના પ્રદર્શનના વિરોધમાં થઈ રહેલ વિરોધ પ્રદર્શન સંબંધે કાયદેસર કાર્યવાહી કરવા બાબતે:

તાજેતરમાં "પદ્માવત"ફિલ્મ પ્રદર્શિત નહી કરવા બાબતે કરણી સેના અને અન્ય સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનો યોજાતાં દેશની કેટલીક રાજ્ય સરકારો દ્વારા આ ફિલ્મના પ્રદર્શન ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ તેના વિરોધમાં આ ફિલ્મના નિર્માતાએ નામ.સુપ્રિમ કોર્ટમાં માગેલ દાદના કામે નામ.સુપ્રિમ કોર્ટે આ ફિલ્મના પ્રદર્શન ઉપરથી પ્રતિબંધ હટાવવાના કરેલ આદેશમાં તા.૨૫.૦૧.૧૮ થી અમદાવાદ શહેરના ઘણા મલ્ટિપ્લેક્ષો/સીનેમા ઘરોમાં આ ફિલ્મ રીલીઝ થવા જઈ રહેલ છે.

આ ફિલ્મના પ્રદર્શન સામે સમાજના અમુક વર્ગો તરફથી ઉગ્ર વિરોધ થઈ રહેલ છે અને હિંસાત્મક વિરોધની ધમકીઓ આપવામાં આવી રહેલ છે.આ ફિલ્મના રીલીઝના વિરોધમાં રાજ્ય અને અમદાવાદ શહેરમાં હાલમાં આ ફિલ્મના વિરોધીઓ દ્વારા બનેલ ઘટનાક્રમ/બનાવો વિશેષ રૂપથી જાહેર થઈ રહેલ હોઈ તે ધ્યાને લેતાં કોઈ પણ સમાજ દ્વારા કોઈ પણ વિરોધ લોક તાંત્રિક ઢબે અને કાયદાની મર્યાદામાં થતો હોય ત્યારે પોલીસે આવી બાબતોમાં ખુબ જ સંયમ પુર્વક વર્તવાનું રહે છે,પરંતુ આવા વિરોધ પ્રદર્શનો હિંસાત્મક સ્વરૂપ ધારણ કરે ત્યારે પોલીસે પણ કાયદાની મર્યાદામાં રહીને સખ્તાઈપુર્વક આવા હિંસાત્મક બનાવો ડામી દેવાની પોલીસ વિભાગની મુળભુત જવાબદારી છે જેથી આમ પ્રજાજનો ની સુરક્ષા અને જાહેર મિલકતની જાળવણી અચુક પણે કરી શકાય.

મલ્ટિપ્લેક્ષો/સીનેમા ઘરો/શોપિંગ મોલ્સ અંદર બનતા આવા બનાવો કે જ્યાં મોટી સંખ્યામાં આમ નાગરિકોની હાજરી હોય છે જેથી આવા બનાવોને ખુબ જ ગંભીરતા પુર્વક લેવાના રહે છે કારણ કે આવા સ્થળોએ બનતા આ પ્રકારના હિંસાત્મક બનાવોને કારણે ત્યાં આમ નાગરિકોના જાન માલની સુરક્ષા ઉપર વિપરિત અસર પડી શકે છે તેમ જ આવી હિંસાત્મક ઘટના ક્ષણમાં જ બેકાબુ બની ગંભીર હોનારતમાં પરિણમી શકે છે અને તેમાં નિર્દોષ નાગરિકો ભોગ બની શકે છે..

સીનેમાઘરો/મલ્ટીપ્લેક્ષ થીયેટરો સુરક્ષાની દ્રષ્ટિએ વિશેષ પ્રકારની વલ્નરેબલ જગ્યા હોય છે,સીનેમા હોલ, મલ્ટીપ્લેક્ષ થીયેટરોના હોલમાં અંધારાની સ્થિતી હોય છે, બેઠક વ્યવસ્થા પણ ગીચતા ભરી અને પગથીયા સ્વરૂપની ચડતા ઉતરતા ક્રમમાં પ્લેટફોર્મ ઉપર હોય છે ત્યાં બેઠેલ નાગરિકો ચલચિત્ર જોવામાં મગ્ન રહે છે અને તેઓ તેમની આજુબાજુ થતી ઘટનાથી વાકેફ રહી શકતા નથી અને સીનેમા જોનારમાં આબાલ-વૃધ્ધ અને મહિલાઓ પણ હોય છે જરૂરી નથી કે તેઓ શારિરીક રીતે સક્ષમ હોય અને સીનેમા હોલમાંથી બહાર નીકળવાના રસ્તા સિમીત સંખ્યામાં તથા સિમીત ક્ષમતા વાળા હોય છે ત્યારે અચાનક આવા બનતા બનાવો સમયે આવી પરિસ્થિતીમાં કોઇ પણ હિંસાત્મક બનાવ, આગજની અથવા ઉગ્ર પ્રદર્શનથી ત્વરિત એક ભયજનક પરિસ્થિતી ઉદભવતી હોઈ અને તેનાથી નાસ ભાગનો માહોલ ઉભો થતાં તે અતિ ગંભીર પરિસ્થિતીનું નિર્માણ થઈ શકે છે અને તેમાં શત પ્રતિશત જાન હાની થવાની સંભાવના વધી જાય છે, આગજનીના બનાવમાં દિલ્હીના ઉપહાર સીનેમાઘરમાં ઘટેલ દુર્ઘટના જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન થઈ શકે છે અને તે મોટા સ્વરૂપની હોનારતમાં પરિણમી શકે છે.

સીનેમા હોલ/મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ/શોપિંગ મોલ્સ વિગેરે સંકુલોમાં વિરોધ પ્રદર્શન કરનાર વ્યક્તિઓ ઉપરોક્ત દર્શાવેલ સંભવિત પરિસ્થિતીની જાણકારી ધરાવે છે અને તેઓ આવુ બની શકે તેવી સંભાવના છે તેવી જાણકારી ધરાવતા હોવા છતાં વિરોધ પ્રદર્શન કરનાર દ્વારા આવા કૃત્યો કરવામાં આવતા હોય તો પોલીસ પણ ચોક્કસ આવા અર્થઘટન ઉપર

આવી શકે છે કે આવા પ્રદર્શનકારીઓ "સાપરાંધ મનુષ્ય વધની કોશિષ"(Attempt to commit culpable homicide) ના ગુના માટે જવાબદાર છે.

ઈપીકો.૩૦૮ જોતાં કોઈ પણ વ્યક્તિ કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરે જેથી જો મૃત્યુ નિપજત તો પોતે ખુન ન ગણાય તેવા સાપરાંધ મનુષ્ય વધ માટે દોષિત થાત આવા ગુના માટે ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા બન્ને શિક્ષાની જોગવાઈ છે

અને એવા કૃત્યથી કોઈને ઈજા થાય તો તેને માટે સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા બન્ને શિક્ષાની જોગવાઈ છે.આ કલમ હેઠળનો ગુનો કોગ્નિઝેબલ, બીન જામીન લાયક તથા સમાધાન ન થઈ શકે તેવા પ્રકારનો છે.

ઉપરોક્ત પરિસ્થિતીમાં કાયદો-વ્યવસ્થા, આમ નાગરિકોના જાન માલની સલામતી અગ્ર સ્થાને હોઈ આવા કોઈ પણ બનાવો ન બને તેની ખાસ કાળજી લેવી અને આવા કોઈ પણ બનાવોને અસરકારક રીતે ડામી દેવા જ્યારે પણ આવો કોઈ બનાવ મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ/શોપિંગ મોલ્સ વિગેરે સંકુલોમાં બને ત્યારે સાપરાંધ મનુષ્ય વધની ઈપીકો.૩૦૮ ધ્યાને લઈ તે મુજબ સખ્ત કાર્યવાહી કરવાની રહેશે.ગુનાહિત કાવતરાના ભાગરૂપે આ પ્રકારના બનાવોમાં કોઈ ચોક્કસ સંગઠનોના આગેવાનો/કાર્યકરોનો દોરી સંચાર રહેલ હોય છે જેથી આવા બનાવ બને ત્યારે ઈપીકો.૧૨૦(બી)ની પણ સંભાવના ચકાસી તે કલમ પણ લગાડવાની રહેશે.

આ પ્રશ્ન નાગરિકોના જાન માલની સલામતીને સ્પર્ષતો હોઈ નાગરિકોમાં પણ જાગૃતિ આવે તેવા પ્રયાસો પણ કરવાના રહેશે અને દરેક નાગરિક આ બાબતથી માહિતગાર થાય તે રીતે આવા બનાવ બનવાના સંભવિત સ્થળો સીનેમા હોલ/મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ/શોપિંગ મોલ્સ વિગેરે સંકુલોમાં પ્રસિધ્ધી કરાવવી તેમ જ વિરોધ પ્રદર્શનો કરતા સંગઠનોના આગેવાનો /કાર્યકરોને પણ આ બાબતે અવગત કરાવી સમજ કરવી.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પ્રતિ,
સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી,
તમામ પોલીસ સ્ટેશન,અમદાવાદ શહેર
નકલ રવાના;આપેલ સુચનાનું અક્ષરશ: પાલન કરી કરાવવા સારૂ
(૧)ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેક્ટર;૧,૨,ક્રાઈમ,ટ્રાફિક અમદાવાદ શહેર
(૨)નાયબ પોલીસ કમિશ્નરશ્રી,ઝોન:૧ થી ૭,કંટ્રોલરૂમ,ક્રાઈમ,ટ્રાફિક અમદાવાદ શહેર
(૩)મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી,"એ" થી "એન" ડિવીઝન,ક્રાઈમ,મહિલા ક્રાઈમ,ટ્રાફિક અમદાવાદ શહેર

નકલ રવાના:
પબ્લીક રીલેશન ઓફિસરશ્રી,અત્રેની કચેરી
૨/ઉપરોક્ત સુચનાનું પ્રચાર/પ્રસાર માધ્યમોથી બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂ.